| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૩.૦૨.૨૦૧૯ | | |
| નોંધણી તારીખ | ૧૩.૦૨.૨૦૧૯ | | |
| ફેસલ તારીખ | ૦૨.૦૪.૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૦૧ | ૧૯ |

-----------------------------------------

ભરૂચના મહેરબાન સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ.

-----------------------------------------

**<u>સેસન્સ કેસ નંબર : ૪/૨૦૧૯</u>**

**આંક–....**

ફરિયાદી :– શ્રી સ ર કા ર

...વિરૂધ્ધ...

આરોપી :– રજનીકાંત ભગવાનભાઇ પંચાલ

રહે. બી–૪૩, નારાયણપાર્ક સોસાયટી, વિનયપાર્કની બાજુમાં, મકતમપુર, ભરૂચ

મુળ રહે. ભરથાલી, તા.કરજણ, જી.વડોદરા

ગુન્હો :– ઇ.પી.કોડની કલમ–૩૦૭,૫૦૪ તથા જી.પી.એકટની <u>કલમ–૧૩૫ મુજબનો</u>

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સુશ્રી એન.એમ.મિસ્ત્રી

આરોપી તરફે વિ.વકીલશ્રી જે.એમ.પરમાર

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૬.૧૧.૨૦૧૮ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૬.૧૧.૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૧૫.૦૧.૨૦૧૯ |

| | |
|---|---|
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૩૦.૦૮.૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૦.૦૩.૨૦૨૩ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૧૮.૦૩.૨૦૨૬ |
| હુકમની તારીખ | ૦૨.૦૪.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

## આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ કર્યાની તારીખ | જામીન ઉપર મુકત થયાની તારીખ | જે ગુન્હાનો આરોપ મુકયો છે તે ગુન્હો | નિર્દોષ કે દોષિત | લાદવામાં આવેલી સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ ના હેતુ માટે સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રજનીકાંત ભગવાનભાઇ પંચાલ | ૧૭.૧૧.૨૦૧૮ | ૨૧.૦૨.૨૦૧૯ | ઇ.પી.કોડની કલમ–૩૦૭, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | – | – | – |

## –:: ચુ કા દો ::–

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપી રજનીકાંતભાઇ ભગવાનભાઇ પંચાલનાઓ મકતમપુર જી.ઇ.બી. ઓફિસની બાજુમાં ખુલ્લી જગ્યામાં લાકડાનું કેબીન નાંખીને વેલ્ડીંગ/ગેરેજનું કામ કરતા હતા અને તેઓની નજીકમાં ફરિયાદીના દિકરા ચેતનભાઇનાઓ સોડાની દુકાન ચલાવતા હતા. તા.૧૫.૧૧.૨૦૧૮ ના રોજ આરોપીના ગેરેજના લાકડાનું પાટીયુ ફરિયાદીના દિકરા ચેતનભાઇએ બાળી નાંખેલ છે તેવી શંકા રાખી આરોપીએ તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ સવારના આશરે ૯.૩૦ કલાકે ફરિયાદીના દિકરા ચેતનભાઇને બિભત્સ ગાળો બોલી મારી નાંખવાના ઇરાદે માથાના ભાગે કુહાડી વડે ગંભીર ઇજા પહોંચાડી જાનથી મારી નાંખવાની કોશીષ કરી ગુન્હો કરેલ હોવા બાબતની ફરિયાદ ભરૂચ

શહેર સી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ.

(૨) ફરિયાદીની ફરિયાદ આધારે ભરૂચ શહેર સી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ફસ્ટ ૧૪૫/૨૦૧૮ થી ઈ.પી.કોડની કલમ–૩૦૭,૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરાવા મળી આવતા ભરૂચના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ઉપરોકત જણાવ્યા મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવતા તે ક્રિ.કે.નં.૭૮૬/૨૦૧૯ થી નોંધવામાં આવેલ. પરંતુ સદરહુ ગુન્હો ઈ.પી.કોડની કલમ–૩૦૭ મુજબના ગુન્હાનો હોઈ સદરહું ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સેસન્સ કોર્ટને હોઈ ભરૂચના વિ.ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ સદરહુ કેસ સેસન્સ કોર્ટ, ભરૂચ ખાતે કમીટ કરવાનો હુકમ કરી રેકર્ડ સેસન્સ કોર્ટ, ભરૂચમાં મોકલી આપતા તે સેસન્સ કેસ નં.૪/૨૦૧૯ થી નોંધાયેલ. ત્યારબાદ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહું કામમાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ મારા પુરોગામીશ્રીએ તા.૩૦.૦૮.૨૦૨૨ ના રોજ આરોપી સામે આંક–૫ થી તહોમતનામુ ફરમાવેલ અને સદરહુ તહોમતામુ વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ આંક–૬ ના નિવેદનથી ગુન્હાનો ઈન્કાર કરતા કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૪) સદરહુ કામે ફરિયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવા માટે નવ સાહેદો તપાસેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૫) આ કામે ફરિયાદ પક્ષે ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવ્યા બાદ આરોપીને બચાવ કરવાની પુરતી અને વ્યાજબી તક મળી રહે તે હેતુસર તેઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેતાં આરોપીએ ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ખોટો હોવાનું અને તેઓની સામે ખોટો કેસ કરેલ હોવાનું

જણાવેલ છે અને આરોપીને વિશેષમાં કોઇ ખુલાસો કરવો છે તે અંગે પુછતા આરોપીએ જણાવેલ છે કે ''અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ. અમો આરોપીએ કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. ફરિયાદીએ ખોટી ફરિયાદ કરેલ છે. અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.'' આ કામે આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઇ સાહેદ તપાસેલા નથી તેમજ કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.

<u>ફરિયાદ પક્ષની દલીલો</u>

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે આ કામે ફરિયાદ પક્ષ તરફથી ભોગ બનનાર સાહેદ ચેતનકુમાર રાણાને આંક–૨૬ થી તપાસવામાં આવેલા છે. ભોગ બનનારે પોતાની જુબાનીમાં સ્પષ્ટ પુરાવો આપેલ છે કે તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ સવારના સાડા નવેક વાગે ભોગ બનનાર પોતાની દુકાન ખોલી અગરબત્તી કરતા હતા તે સમયે પાછળથી આરોપી રજનીકાંતે આવીને તેઓના માથામાં કુહાડીનો ઘા મારેલો તેમજ બીજો ઘા પણ માથામાં મારેલો જેથી તેઓ બેભાન થઇ ગયેલા. વધુમાં ભોગ બનનારે બનાવ બનવાના કારણમાં જણાવેલ છે કે તેઓથી ભુલથી આરોપીના લાકડાનું પાટીયુ સળગી ગયેલુ તેની રીસ રાખીને તેઓ ઉપર હુમલો કરેલો. ઈજા પામનારે પોતાની જુબાની દરમ્યાન કુહાડી પણ ઓળખી બતાવેલ છે તેમજ આરોપીને પણ ઓળખી બતાવેલ છે. ઉલટ તપાસમાં ફરિયાદીના પુરાવામાં શંકા ઉપસ્થિત થાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. ફરિયાદી અને આરોપી વચ્ચે કોઇ દુશ્મનાવટ ન હતી જેથી આરોપીને ગુન્હામાં ખોટી રીતે સંડોવી દેવા માટેનું કોઇ કારણ નથી. આ કામે ઈજા પામનારના પિતા એટલે કે ફરિયાદી ગુજરી ગયા છે જેથી તેઓને તપાસી શકાયેલા નથી. આંક–૩૪ થી રજુ થયેલ ફરિયાદ હકીકતથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળે છે. આંક–૮ થી તપાસવામાં આવેલા મેડીકલ ઓફિસર ડો.દિક્ષીત પટેલના પુરાવાથી ઈજા પામનારને માથાના ભાગે ગંભીર પ્રકારની ઈજા થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ કામે આંક–૩૩

થી તપાસવામાં આવેલ તપાસ કરનાર અધિકારી રાજેન્દ્રકુમાર વસાવાએ પોતાનો પુરાવામાં તેઓએ કરેલ પોલીસ તપાસને અનુરૂપ હકીકતો જણાવેલી છે. તપાસ કરનાર અધિકારીના પુરાવાથી આ કામે રજુ થયેલ પંચનામા પુરવાર કરવામાં આવેલા છે. તપાસ કરનાર અધિકારી તટસ્થ સાહેદ હોઇ તેઓનો પુરાવો નહી માનવા માટે કોઇ કારણ નથી. આ કામે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાથી પણ સાહેદોના પુરાવાને સમર્થન પ્રાપ્ત થાય છે. આમ, ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થતો હોઇ આરોપીને આક્ષેપીત ગુન્હા માટે તકસીરવાન ઠરાવી મહત્તમ સજા ફરમાવવા રજુઆત કરેલ છે.

<u>આરોપી પક્ષે દલીલો</u>

(૭) આરોપી તરફે વિ.વકીલશ્રીની રજુઆત છે કે આંક–૨૭ થી તપાસવામાં આવેલા ઈજા પામનાર ચેતનકુમાર રાણાના પુરાવા મુજબ આરોપીએ તેઓને માથાના ભાગે કુહાડીના બે ઘા મારેલા. જયારે આંક–૮ થી તપાસવામાં આવેલા મેડીકલ ઓફિસરશ્રીના પુરાવા મુજબ દર્દીને માથાના ભાગે એક જ ઘા હતો. ઈજા પામનારને અન્ય કોઇ ઈસમ ધ્વારા ઈજા કરવામાં આવતા અને ઈજા પામાનરને તેઓને કોણે ઈજા કરેલી તેની ખબર ન હોવાથી આરોપીને ધ્વેષભાવના કારણે ખોટી રીતે ગુન્હામાં સંડોવી દીધેલ છે. આ કામે બનાવ નજરે જોનાર સાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી તેમજ પંચોએ પણ પંચનામાની હકીકતો સમર્થન કરેલ નથી. આ કામે તપાસવામાં આવેલા મેડીકલ ઓફિસરશ્રીના પુરાવા મુજબ દર્દી અર્ધ બેભાન હતા અને તેઓ ધ્વારા કોણે ઈજા કરેલી તેવી હકીકત જણાવવામાં આવેલ નથી. મેડીકલ ઓફિસર સમક્ષ જે હિસ્ટ્રી લખાવવામાં આવેલ છે તે દર્દીના સગાએ લખાવેલ છે. મેડીકલ ઓફિસરશ્રીએ તેઓના પુરાવામાં દર્દીને થયેલી ઈજા મુદ્દામાલ કુહાડીથી થઇ શકે તેવી પણ હકીકત જણાવેલ નથી. ઈજા પામનાર સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે આરોપી શારીરિક રીતે સ્વસ્થ ન

હતા તેમજ શરીરે ખુબ જ પાતળા છે અને તેઓની ઉંમર ૬૮ વર્ષની છે. એ હકીકત પણ કબુલેલ છે કે આરોપી સાથે બનાવના આગલા દિવસે કોઇ બોલાચાલી થયેલ નથી કે તેઓ ઉપર ઉશ્કેરી ભરેલા શબ્દો બોલેલ નથી કે કોઇ બોલાચાલી થયેલ નથી. ઈજા પામનારે ઉલટ તપાસમાં કબુલેલ છે કે આરોપી રજનીકાંતભાઇ તેમની કેબીનની બાજુમાં ઝાડની નીચે ગેસનો બાટલો રાખીને વેલ્ડીંગનો ધંધો કરતા હતા અને તેમની કોઇ કેબીન ન હતી. આ હકીકત ધ્યાને લેતાં આરોપીની કોઇ કેબીન જ ન હતી જેથી આરોપીના કેબીનનું લાકડુ ફરિયાદી ધ્વારા ભુલથી બળી ગયેલ હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ઈજા પામનારે એ હકીકત પણ કબુલેલ છે કે બનાવ પછી રજનીકાંતભાઇ કયારેય તેમની દુકાન પર આવેલ નથી અને તેમની દુકાનની બાજુમાં કોઇ ધંધો કરેલ નથી અને સ્થળ પરથી જતા રહેલા છે અને આ બનાવ બાદ તેઓ રજનીકાંતભાઇને કયારેય મળેલ નથી. વધુમાં ઈજા પામનાર ત્રણ દિવસમાં સંપુર્ણ સ્વસ્થ થઇ ગયેલા તેમ છતાં ઈજા પામનારનું નિવેદન તા.૧૦.૦૧.૨૦૧૯ ના રોજ એટલે કે બનાવ બન્યાના આશરે પોણા બે મહિના પછી લેવામાં આવેલ છે. ઈજા પામનારના માતાને જે વ્યકિતએ ફોન કરીને બનાવની જાણ કરેલી તે વ્યકિતને આ કામે તપાસવામાં આવેલ નથી. આ કામના ફરિયાદીની ફરિયાદ આપતા પહેલા ઈજા પામનાર સાથે કોઇ વાત થયેલ નહી તેમજ આરોપી સાથે પણ કોઇ વાત થયેલ નહી તેમજ ફરિયાદીએ બનાવ નજરે જોયેલ નથી તેમ છતાં આરોપીના નામજોગ ફરિયાદ આપવામાં આવેલ છે જે શંકાસ્પદ છે. આમ, ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તે પુરાવો શંકારહિતનો અને વિશ્વસનીય અને સ્વીકારવાપાત્ર નથી તેમજ ફરિયાદ પક્ષના પુરાવામાં એક કરતા વધારે સંભાવના આવેલી છે. આમ, ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ

કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૫.૧૧.૨૦૧૮ ના રોજ આરોપીના ગેરેજના લાકડાનું પાટીયુ ફરિયાદીના દિકરા ચેતનભાઇએ બાળી નાંખેલ છે તેવી શંકા રાખી આરોપીએ તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ સવારના આશરે ૯.૩૦ કલાકે ફરિયાદીના દિકરા ચેતનભાઇને બિભત્સ ગાળો બોલી મારી નાંખવાના ઈરાદે માથાના ભાગે કુહાડી વડે ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની કોશીષ કરી ઇ.પી.કોડની કલમ–૩૦૭,૫૦૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૩. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને જગ્યાએ આરોપીએ કુહાડી ધારણ કરી તેનો હથીયાર તરીકે ઉપયોગ કરી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૪. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નંબર : ૧ અને ૨ ની સંયુકત ચર્ચા :</u>**

**<u>ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો :</u>**

(૧૦) ફરિયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા માટે સાહેદ નં. ૧ તરીકે તબીબી અધિકારી ડો.દિક્ષીતભાઇ ધીરીશભાઇ પટેલને આંક–૮ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ બપોરના સમયે તેઓ હિલીંગ ટચ

હોસ્પીટલ ખાતે તેમની ફરજ પર હાજર હતા ત્યારે એક દર્દી નામે ચેતનભાઇ નવીનભાઈ રાણાને સારવાર અર્થે લાવવામાં આવેલ. દર્દીના સગા ધ્વારા જણાવ્યા પ્રમાણે દર્દીને મકતમપુર જી.ઈ.બી. ખાતે સવારે સાડા નવ કલાકે પાવડા વડે હુમલો કરાતા માથામાં ઈજા થયેલી હતી અને તેઓને પ્રાથમીક સારવાર માટે ભરૂચ સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવેલ અને ત્યાંથી હિલીગ ટચ હોસ્પીટલમાં વધુ સારવાર માટે દર્દીને રીફર કરવામાં આવેલા. આ દર્દીની તેઓ ધ્વારા શારીરીક તપાસ કરતા દર્દી અર્ધ બેભાન અવસ્થામાં હતા. દર્દીને બે વખત ઉલટી થયેલ હતી. દર્દીના જમણા કાન અને નાકમાંથી લોહી વહી રહ્યુ હતુ. દર્દીને શરીર પર (૧) માથાના ડાબા ઓસીપીટલ ભાગમાં એક ટાંકા લીધેલો ઘા હતો કે જેના પર સોજો આવી ગયેલ હતો. દર્દીના માથાનો સીટી સ્કેન કરવામાં આવેલ જેનો રીપોર્ટ જોતાં ડાબા ટેમ્પોરલ પરાયટલ ઓસીપીટલ હાડકાના ભાગે મોટુ ફ્રેકચર જોવા મળેલ હતુ. મગજના ડાબા ટેમ્પોરલ પરાયટલ ભાગમાં ૧.૧ સે.મી. X ૭ સે.મી. જેટલો એકસ્ટ્રા ડયુરલ પ્રકારનો લોહીનો ગઠ્ઠો જામેલો હતો. મગજના ડાબા ફ્રન્ટલ ભાગમાં ૨.૧ સે.મી. x ૪.૨ સે.મી. જેટલો એકસ્ટ્રા ડ્યુરલ પ્રકારનો લોહીનો ગઠ્ઠો જામેલો હતો. મગજમાં ઘણો સોજો આવી જવાથી મગજ થોડુ જમણી બાજુ ખસી થયેલ હતુ. માથાની ચામડીના ડાબા ફ્રન્ટલ ટેમ્પોરલ પરાયટલ ભાગમાં સોજો જોવા મળેલ. આ દર્દીને અત્રેની હોસ્પીટલના ડો. રાકેશ જસાણી (ન્યુરો સર્જન) અને ડો.અંકુર વૈષ્ણવ (જનરલ સર્જન) ધ્વારા તે જ દિવસે તાત્કાલીક રીતે ખોપડીના ડાબી બાજુના હાડકાને ખોલીને અંદર જામેલો લોહીનો ગઠ્ઠો દુર કરવા (ક્રેનીયોટોમી) માટે ઓપરેટ કરવામાં આવેલ હતા. ત્યારબાદ પોલીસ યાદી સાથે ઈજા પામનારનું મેડીકલ સર્ટીફીકેટ લેવા માટે આવેલ. જે મેડીકલ સર્ટીફીકેટ તેમણે તા. ૧૮.૧૧.૨૦૧૮ ના રોજ આપેલ હતુ. જેમાં દર્દી તે સમયે આઈ.સી.યુ.માં હતા તેમ જણાવેલ અને તેમના અભિપ્રાય મુજબ દર્દીને થયેલ ઈજા ગંભીર

સ્વરૂપની હતી. તેમણે દર્દીને તપાસીને મેડીકલ સર્ટીફીકેટ આપેલ અને તેમાં તેમણે પોતાની સહી કરેલ અને હોદ્દાનું સીલ મારેલ અને દર્દીને તેમની હોસ્પીટલમાં તા.૨૪.૧૧.૨૦૧૮ ના રોજ નિયમિત બતાવી જવાની સલાહ સાથે સ્થિર હાલતમાં રજા આપવામાં આવેલ હતી.

૧૦.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે ઈજા પામનાર પોલીસ યાદી વિના આવેલા. એ હકીકત કબુલેલ છે કે દર્દીએ અગાઉ કોઈ સારવાર લીધેલ હોય તેના કાગળ તેમની સમક્ષ રજુ કરેલ નહી. એ હકીકત કબુલેલ છે કે દર્દીના સગાએ હિસ્ટ્રી લખાવેલી તેમાં અગાઉની સારવારના પેપર્સની કોઈ હકીકત જણાવેલી નહી. એ હકીકત કબુલેલ છે કે હિસ્ટ્રીમાં ઈજા કોણે પહોંચાડી તેના કોઈ નામ જણાવેલ નથી. દર્દીને રજા આપ્યા બાદ ફરી તેમની પાસે આવેલ નથી. એ હકીકત કબુલેલ છે કે કોઈ વ્યકિત દોડતા દોડતા પડી જાય તો આવી ઈજા થઈ શકે.

(૧૧) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૨ તરીકે રહીમભાઈ ઈબ્રાહીમભાઈ ગરાસીયાને આંક–૧૦ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ આંક–૧૧ થી રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ છે. આ પંચ–સાહેદે પોતાની જુબાનીમાં ગુન્હાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૨) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૩ તરીકે શૈલેષભાઈ ચતુરભાઈ વસાવાને આંક–૨૦ થી તપાસવામાં આવેલા છે તેમજ સાહેદ નં. ૫ તરીકે નવીનભાઈ રણછોડભાઈ વસાવાને આંક–૨૪ થી તપાસવામાં આવેલા છે. આ બંને સાહેદો આંક–૨૧ થી રજુ થયેલ હથીયાર કબજે લીધાના પંચનામાના પંચો છે. આ પંચ–સાહેદોએ પોતાની જુબાનીમાં હથીયાર કબજે લીધાના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૩) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૪ તરીકે પરેશભાઈ બાબુભાઈ પીઠવાને આંક–૨૩ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ

બનાવ વખતે આ સાહેદ બનાવવાળી જગ્યાની નજીક આવેલ ગેરેજમાં કામ કરતા હતા અને બનાવવાળી જગ્યાએ લોકો ભેગા થઇ ગયેલા હોઇ તે જોવા ગયેલા ત્યારે ઈજા પામનાર ચેતનભાઇને માથાના ભાગે વાગેલ હતુ અને તેમાંથી લોહી નીકળતુ હતુ અને તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ આવતા હોસ્પીટલમાં લઇ જવામાં આવેલા તેવું આ સાહેદે જોયેલુ. પરંતુ આ સાહેદે કોર્ટ સમક્ષની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી. વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પોલીસ સમક્ષના નિવેદનમાંની હકીકતો તેઓએ લખાવેલ હોવાનો ઇન્કાર કરેલ છે.

(૧૪) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૭ તરીકે રજનીકાંતભાઇ હરેશભાઇ તડવીને આંક–૨૮ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ આ સાહેદે બનાવ નજરે જોયેલ છે. આ સાહેદે પોતાની જુબાનીમાં તેઓને બનાવની ખબર નથી અને તેઓ આરોપીને ઓળખતા નથી તેમજ કોઇએ કોઇના ઉપર હુમલો કરેલ હોય તે જોયેલ હોય કે પાછળથી સાંભળેલ હોય તેવું બનેલ નથી તેવો પુરાવો આપેલ છે. તે જ રીતે સાહેદ નં. ૮ તરીકે આંક–૨૯ થી તપાસવામાં આવેલા સાહેદ તેજસભાઇ મહેન્દ્રભાઇ ઉમરાણીયાના પુરાવા મુજબ તેઓને બનાવ શું બનેલો અને કયાં બનેલો તેની ખબર નથી અને કોઇને મારામારીમાં વાગેલ હોય અને દવાખાને લઇ ગયેલ હોય તેની ખબર નથી તેમજ તેઓ આરોપીને ઓળખતા નથી.

(૧૫) ફરિયાદ પક્ષ તરફે ઈજા પામનાર સાહેદ નં.૬ ચેતનકુમાર નવીનચંદ્ર રાણાને આંક–૨૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ દાંડીયા બજાર પોલીસ સ્ટેશનની બાજુમાં રહે છે અને તેમનો મકતમપુર જી.ઈ.બી.ની બહાર પાનનો ગલ્લો છે અને તેઓ તેમનો પાનનો ગલ્લો અને સોડા સેન્ટર સવારના નવથી દસ વાગ્યાના અરસામાં ખોલે છે. તેમના ગલ્લાની બાજુમાં ગેરેજવાળો તથા હાલના આરોપી ગેસ વેલ્ડીંગનો ધંધો કરતા હતા

અને આરોપી ઘણીવાર તેમના ગલ્લે છુટ્ટા પૈસા લેવા આવતા હતા. આરોપી ગાંજો અને દારૂ પીતા હતા. તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ સવારે તેમણે સાડા નવથી દસ વાગે તેમની દુકાન ખોલેલી અને અગરબત્તી કરવા જતા હતા તેવામાં પાછળથી રજનીકાંત પંચાલે તેમના માથામાં કુહાડીનો એક ઘા મારેલો એટલે તેઓ તેમના ટેબલ પર હાથ મુકીને બેસી ગયેલા. રજનીકાંત પંચાલે જોયેલ તો તેઓની આંખો ખુલ્લી હતી જેથી કુહાડીનો બીજો ઘા તેમના માથામાં મારેલો જેથી તેઓ બેભાન થઈ ગયેલા. આ બનાવ બન્યો તેના આગલા દિવસે તેમની દુકાન અને રજનીકાંતની દુકાન વચ્ચે કચરો હતો જે તેમણે સળગાવેલો તો ભુલથી તેમાં રજનીકાંતભાઇના લાકડાનું પાટીયુ સળગી ગયેલ અને જેના લીધે રજનીકાંતભાઈએ તેમની ઉપર હુમલો કરેલો. તેમના ગલ્લાની સામે કોટક બેન્ક આવેલી હોઈ જયાં બે ભાઈ હોય તેઓએ એમ્બ્યુલન્સ ૧૦૮ ને ફોન કરીને બોલાવી તેઓને સૌપ્રથમ ભરૂચ સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. પરંતુ તેમને વધારે વાગેલુ હોઈ સીવીલ હોસ્પીટલમાંથી તેમને ના પાડી દેતા તેઓના ભાઈબંધની પ્રાયવેટ ગાડીમાં કોલેજ રોડ ઉપર આવેલ ગોવર્ધન રોડ ઉપર એમ.આર.આઈ. તેમજ અન્ય ટેસ્ટ કરવા માટે લઈ ગયેલા અને જે થઈ જતા તેમને સારવાર માટે હીલીગટચ હોસ્પીટલમાં લઈ ગયેલા. જયાં તેમની સર્જરી કરવામાં આવેલી અને તેમને આઈ.સી.યુ.માં ૩ દિવસ રાખેલા અને ત્યારબાદ બહાર બીજા વોર્ડમાં શીફટ કરવામાં આવેલા, જયાં તેમને પંદરેક દિવસ રાખવામાં આવેલા. તેમની સર્જરી થઈ ગયેલ હોઈ તેઓ બેભાન અવસ્થામાં હતા. તેમને આશરે ચારેક વાગે ભાન આવતા ત્યાં હાજર ડોકટરે તેમના મમ્મી પપ્પાની ઓળખાણ કરાવેલી તેમજ ત્યાં હાજર વ્યકિતઓના નામ આપી અને તેમના બેન બનેવીના નામ આપેલ. તેઓએ બધા વ્યકિતઓના નામ ઠામ યોગ્ય રીતે આપેલા અને બનાવ અંગેની માહિતી તેમના પરિવારને આપતા તેમના પિતાજીએ આરોપી વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. આ સાહેદે મુદ્દામાલ કુહાડીને

તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે. વધુમાં આ સાહેદના પુરાવા મુજબ તેમના પિતાનું અવસાન તા.૨૦.૦૬.૨૦૨૨ ના રોજ થઇ ગયેલ છે.

૧૫.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે બનાવના પંદર દિવસ પછી તેમને હોસ્પીટલમાંથી રજા આપેલી અને તેઓ ઘરે ગયેલા તેના બે–ત્રણ દિવસ પછી પોલીસ તેમના ઘરે આવેલી. એ હકીકત કબુલેલ છે કે તેઓ દરરોજ તેમની દુકાને તેમના સમય મુજબ જતા હતા અને રજનીકાંતભાઇ પણ પોતાનુ વેલ્ડીંગનું કામ પોતાની રીતે કરતા હતા. એ હકીકત કબુલેલ છે કે રજનીકાંતભાઇ દુકાનની બહાર જ દારૂ પીતા હતા અને ગાંજો પીતા હતા તે બાબતે તેઓએ કયારે પણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ નથી. એ હકીકત કબુલેલ છે કે રજનીકાંતભાઇ પોતાના ધંધાના કામે કયારેક તેમની પાસે છુટા પૈસા લેવા આવતા હતા અને તેઓ તેમને આપતા હતા અને કામ પતાવીને શાંતીથી જતા રહેતા. એ હકીકત કબુલેલ છે કે રજનીકાંતભાઇ શરીરે ખુબ જ પાતળા છે અને તેમની ઉંમર આશરે ૬૮ વર્ષની છે અને તેઓ શારીરિક રીતે સ્વસ્થ ન હતા. એ હકીકત કબુલેલ છે કે બનાવના આગલા દિવસે રજનીકાંતભાઇ સાથે કોઇ બોલાચાલી થયેલી નથી. એ હકીકત કબુલેલ છે કે રજનીકાંતભાઇ તેમના ઉપર ઉશ્કેરીભર્યા શબ્દો બોલેલ નથી અને કોઇ બોલાચાલી થયેલ નથી. એ હકીકત કબુલેલ છે કે રજનીકાંતભાઇ તેમની કેબીનની બાજુમાં ઝાડની નીચે ગેસનો બાટલો રાખીને વેલ્ડીંગનો ધંધો કરતા હતા અને તેમની કોઇ કેબીન ન હતી. એ હકીકત કબુલેલ છે કે બનાવ પછી રજનીકાંતભાઇ કયારેય તેમની દુબાન પર આવેલ નથી અને તેઓએ તેમની દુબાનની બાજુમાં કોઇ ધંધો કરેલ નથી અને તેઓ સ્થળ પરથી જતા રહેલ છે. એ હકીકત કબુલેલ છે કે આ બનાવ બાદ રજનીકાંતભાઇને તેઓ કયારેય મળેલ નથી. એ હકીકત કબુલેલ છે કે તેમના પિતાએ ફરિયાદમાં શું લખાવેલ તેની તેમને જાત માહિતી નથી. એ હકીકત કબુલેલ છે કે બનાવ વખતે તેમના પિતાજી હાજર ન હતા. એ હકીકત

કબુલેલ છે કે ભરૂચ સીવીલ હોસ્પીટલમાં તેમની સામાન્ય સારવાર થયેલી. સાહેદના જણાવ્યા મુજબ ઉપર ઉપરથી ટાંકા લીધેલા અને પછી જણાવેલ કે કેસ ગંભીર છે જેથી તેમને ખાનગી દવખાને લઇ ગયેલા. ત્રણ દિવસે તેમને આઇ.સી.યુ.માંથી સાદા રૂમમાં શીફટ કરેલા અને જયાં તેમને પંદર દિવસ રાખેલા. એ હકીકત કબુલેલ છે કે ત્રણ દિવસ બાદ તેઓ સંપુર્ણ ભાનમાં આવી ગયેલા અને તેમના કુટુંબીજનોના સભ્યોને સંપુર્ણ ઓળખતા હતા. એ હકીકત કબુલેલ છે કે હીલીંગ ટચ હોસ્પીટલમાં ટાંકા તોળાવ્યા બાદ તેમને ફરી વખત તે હોસ્પીટલમાં જવાનું થયેલ નથી. એ હકીકત કબુલેલ છે કે બનાવના દિવસે તેમને કોણે માર્યુ અને કેવી રીતે માર્યુ તે હકીકત તેમણે કોઇને જણાવેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે તેમને મારેલ હતુ. તેઓ આખો દિવસ ભાનમાં ન હતા.

(૧૬) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૯ તરીકે તપાસ કરનાર અધિકારી રાજેન્દ્રકુમાર મુળજીભાઇ વસાવાને આંક–૩૩ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ ભરૂચ શહેર સી–ડીવીઝન પોલીસમાં ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરિયાદી નવીનચંદ્ર રાણાએ હે.કો. શ્રી બી.બી.ગીરાસીની રૂબરૂમાં તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ ફરિયાદ આપેલી. ત્યારબાદ તપાસના કામે પી.એસ.ઓ. મોહનભાઈએ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને ડી.ડી. લેવા પધારવા માટે તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ યાદી કરેલી. ફરિયાદના આધારે પી.એસ.ઓ. મોહનભાઈ ખેતીયાએ ગુન્હો દાખલ કરી આગળની તપાસ તેમને સોંપતા તેમણે તપાસ સંભાળી લીધેલી. તેઓએ તપાસ દરમ્યાન પંચોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ, પંચોની હાજરીમાં આરોપીને અટક કરી શરીરસ્થિતિનું તેમજ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ કરેલુ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. મુદ્દામાલ એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ, હથીયારબંધીનું જાહેરનામુ સામેલ રાખેલ, એફ.એસ.એલ.નો રીપોર્ટ

આવી જતા કામમાં સામેલ રાખેલ અને આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા ચાર્જશીટ કરેલ.

૧૬.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત કબુલેલ છે કે તેમની તપાસમાં ખુલેલ કે કોઇ અજાણ્યા ઇસમનો ફોન ઇજા પામનારના માતાને આવેલ હતો. એ હકીકત કબુલેલ છે કે ઇજા પામનારના માતાને અજાણ્યા ઇસમનો ફોન આવવાથી ઇજા પામનારના માતા–પિતા સીધા હોસ્પીટલ પર પહોચેલા. એ હકીકત કબુલેલ છે કે ફરિયાદીએ ફરિયાદ હોસ્પીટલથી જ આરોપીના નામજોગ આપેલી. એ હકીકત કબુલેલ છે કે ફરિયાદીએ બનાવ નજરે જોયેલ નહી. એ હકીકત કબુલેલ છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુમાંથી કોઇ સી.સી. ટી.વી. ફુટેજ મેળવેલ નથી. એ હકીકત કબુલેલ છે કે ઇજા પામનાર ત્રણ દિવસની અંદર ભાનમાં આવી ગયેલ. એ હકીકત કબુલેલ છે કે આરોપી ૬૫ વર્ષથી વધુ ઉંમરના હતા. એ હકીકત કબુલેલ છે કે આરોપીનાઓ નવીન સોડાની દુકાનની નજીક ગેસ વેલ્ડીંગનો ધંધો નીચે પાથરણુ પાથરી કરતા હતા.

**<u>પુરાવાનું વિશ્લેષણ :</u>**

(૧૭) ઇજા પામનારના પુરાવા મુજબ ઇજા પામનારના પિતા એટલે કે ફરિયાદી તા.૨૦.૦૬.૨૦૨૨ ના રોજ ગુજરી ગયેલ છે. જેથી આ કામે ફરિયાદીને તપાસી શકાયેલા નથી. આ કામની ફરિયાદને તપાસ કરનાર અધિકારી (આંક–૩૩) ની જુબાનીમાં આંક–૩૪ આપવામાં આવેલ છે. આંક–૩૪ ની ફરિયાદ હકીકત વંચાણે લેતાં, ફરિયાદીએ તેમના છોકરાની દુકાને જઇ ખાત્રી કરતા આરોપી રજનીકાંતભાઇએ તેમના છોકરા ઉપર શક વહેમ રાખી તેમના છોકરા સાથે ગાળાગાળી કરીને કુહાડી માથાના પાછળના ભાગે મારી દઇ ગંભીર ઇજા કરી જાનથી મારી નાંખવાની કોશીશ કરતા આ બનાવ બનેલ હોવાનું જાણવા મળેલ છે તેવું ફરિયાદમાં જણાવવામાં આવેલ છે. પરંતુ કોના ધ્વારા કે કઇ વ્યકિત ધ્વારા અને કેવી રીતે તેઓને આ બનાવ બનેલ હોવાનું જાણવા મળેલ તેવી કોઇ હકીકત જણાવેલ નથી. તપાસ

કરનાર અધિકારીએ એ હકીકત કબુલેલ છે કે ફરિયાદીએ બનાવ નજરે જોયેલ નથી તેમજ બનાવવાળી જગ્યાની આજુબાજુમાંથી કોઇ સી.સી. ટી.વી. ફુટેજ મેળવેલ નથી. વધુમાં આરોપીએ ઈજા પામનારને માર મારેલ છે તેની જાણ ફરિયાદીને કેવી રીતે થઇ તેની કોઈ હકીકત તપાસ કરનાર અધિકારીના પુરાવામાં આવેલ નથી. આમ, ફરિયાદીએ બનાવ બનતા નજરે જોયેલ નથી. ફરિયાદ પક્ષના કેસ મુજબ ફરિયાદીએ ફરિયાદ આપી ત્યાં સુધી તેઓની ઈજા પામનાર સાથે કોઇ વાતચીત થયેલ નથી તેમ છતાં ફરિયાદ આરોપીના નામજોગ આપવામાં આવેલ છે. જેથી ફરિયાદ હકીકત વિશ્વસનીય અને સ્વીકારવાલાયક જણાતી નથી અને શંકાસ્પદ બની રહે છે.

(૧૮) કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ સામાન્ય રીતે ઈજા પામનારના પુરાવાની વિશ્વસનીયતા વધુ રહે છે અને તમામ કિસ્સામાં ઈજા પામનારના પુરાવાને સમર્થનકારી પુરાવો હોવો જરૂરી નથી. પરંતુ સાથે સાથે એ હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે કે ઈજા પામનારનો પુરાવો ભરોસાલાયક અને વિશ્વસનીય હોવો જોઇએ. આ કામે તપાસવામાં આવેલા ઈજા પામનાર સાહેદ સિવાયના નજરે જોનાર સાહેદો અને બનાવ સ્થળ નજીકના સાહેદોએ (સાહેદ નં. ૪ પરેશભાઇ બાબુભાઇ પીઠવા, સાહેદ નં. ૭ રજનીકાંતભાઇ હરેશભાઇ તડવી, સાહેદખ નં. ૮ તેજસભાઇ મહેન્દ્રભાઇ ઉમરાણીયા) ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેઓના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતો પુરવાર થતી નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલા પંચોએ પણ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૯) આ કામે આંક-૨૭ થી તપાસવામાં આવેલા ઈજા પામનાર સાહેદ ચેતનકુમાર રાણાના પુરાવા મુજબ તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ સવારે તેઓએ સાડા નવથી દસ વાગે તેમની દુકાન ખોલેલી અને અગરબત્તી કરવા જતા હતા તેવામાં પાછળથી રજનીકાંતભાઇ પંચાલે તેમના

માથામાં કુહાડીનો એક ઘા મારેલો એટલે તેઓ તેમના ટેબલ પર હાથ મુકીને બેસી ગયેલા તેમજ રજનીકાંતભાઇ પંચાલે જોયુ તો તેમની આંખો ખુલ્લી હતી જેથી કુહાડીનો બીજો ઘા તેમના માથામાં મારેલો જેથી તેઓ બેભાન થઇ ગયેલા. પરંતુ ફરિયાદીની ઉલટ તપાસ જોતાં એ હકીકત કબુલેલ છે કે રજનીકાંતભાઇ શરીરે ખુબ જ પાતળા હતા અને તેમની ઉંમર આશરે ૬૮ વર્ષની છે અને તેઓ શારીરિક રીતે સ્વસ્થ ન હતા. એ હકીકત પણ કબુલેલ છે કે બનાવના આગલા દિવસે રજનીકાંતભાઇ સાથે કોઇ બોલાચાલી થયેલી નહી. એ હકીકત કબુલેલ છે કે રજનીકાંતભાઇએ તેમના ઉપર ઉશ્કેરણી ભરેલા શબ્દો બોલેલ નથી અને કોઇ બોલાચાલી થયેલ નથી. એ હકીકત કબુલેલ છે કે બનાવ પછી રજનીકાંતભાઇ કયારેય તેમની દુકાન પર આવેલ નથી અને તેઓએ તેમની દુકાનની બાજુમાં કોઇ ધંધો કરેલ નથી અને સ્થળ પરથી જતા રહેલ છે. એ હકીકત કબુલેલ છે કે આ બનાવ બાદ રજનીકાંતભાઇને તેઓ કયારેય મળેલ નથી. ઉલટ તપાસની આ હકીકત ધ્યાને લેતાં ૬૮ વર્ષની ઉંમર તેમજ શારીરિક રીતે અસ્વસ્થ અને શરીરે ખુબ જ પાતળા વ્યકિત કોઇ ૩૨ વર્ષના વ્યકિતને માથાના ભાગે કુહાડી વડે ઘા કરે અને ઇજા પામનાર વ્યકિત કોઇ પ્રતિકાર ન કરે તે હકીકત વિશ્વસનીય જણાતી નથી. આ ઉપરાંત ઇજા પામનાર સાહેદના પુરાવા મુજબ આ બનાવ બન્યો તેના આગલા દિવસે તેમની દુકાન અને રજનીકાંતભાઇની દુકાન વચ્ચે કચરો હતો જે તેમણે સળગાવેલો તો ભુલથી રજનીકાંતભાઇના લાકડાનું પુઠુ કે પાટીયુ સળગી ગયેલુ અને જેના લીધે રજનીકાંતભાઇએ તેમની ઉપર હુમલો કરેલો. જયારે ઇજા પામનાર સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે રજનીકાંતભાઇ તેમની કેબીનની બાજુમાં ઝાડની નીચે ગેસનો બાટલો રાખીને વેલ્ડીંગનો ધંધો કરતા હતા અને તેમની કોઇ કેબીન ન હતી. જેથી રજનીકાંતભાઇના લાકડાનું પુઠુ કે પાટીયુ સળગી ગયેલ હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. વધુમાં માનવા ખાતર માની લેવામાં આવે કે ઇજા પામનારના લાકડાનું પુઠુ કે પાટીયુ સળગાવી દીધેલ

પરંતુ આવી નજીવી બાબતે આરોપી ઈજા પામનાર ઉપર હુમલો કરી આવી ગંભીર ઈજા પહોંચાડવાનું કૃત્ય કરે તે આ અદાલતને માનવાલાયક જણાતુ નથી. આમ, ઈજા પામનાર સાહેદે બનાવ બનવાનું જે કારણ જણાવેલ છે તે કારણ તથા બનાવનો હેતુ પુરવાર થતો નથી. જેથી ઈજા પામનારના પુરાવા ઉપર અન્ય સમર્થનકારી પુરાવાના અભાવે આધાર રાખવો તે આ અદાલતને ન્યાયોચીત જણાતુ નથી.

(૨૦) ઈજા પામનાર સાહેદે ઉલટ તપાસમાં જણાવેલ છે કે બનાવના પંદર દિવસ પછી તેમને હોસ્પીટલમાંથી રજા આપેલી અને તેઓ ઘરે ગયેલા તેના બે–ત્રણ દિવસ પછી પોલીસ તેમના ઘરે આવેલી. એ હકીકત નકારેલ છે કે પોલીસે તેમનું નિવેદન બે મહિના બાદ લીધેલુ. જયારે ફરિયાદ પક્ષના કેસ મુજબ ઈજા પામનાર સાહેદ ચેતનકુમાર રાણાનું નિવેદન તા.૧૦.૦૧.૨૦૧૯ ના રોજ લેવામાં આવેલ છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ બનાવ તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ બનેલ છે. ઈજા પામનાર સાહેદ ચેતનકુમારે ઉલટ તપાસમાં કબુલેલ છે કે ત્રણ દિવસ બાદ તેઓ સંપુર્ણભાનમાં આવી ગયેલા અને તેમના કુટુંબના સભ્યોને સંપુર્ણ ઓળખતા હતા. તપાસ કરનાર અધિકારી રાજેન્દ્રકુમાર વસાવા (આંક–૩૩)નાએ પણ ઉલટ તપાસમાં કબુલેલ છે કે ઈજા પામનાર ત્રણ દિવસની અંદર ભાનમાં આવી ગયેલા. તેમ છતાં આ કામે ઈજા પામનારનું નિવેદન બનાવ પછી આશરે બે મહિને લેવામાં આવેલ છે.

(૨૧) ઈજા પામનાર સાહેદ ચેતનકુમારના પુરાવા મુજબ તેઓ ભાનમાં આવેલા અને તેમણે બધા વ્યકિતઓના નામ ઠામ યોગ્ય રીતે આપેલા અને બનાવ અંગેની માહિતી તેમના પરિવારને આપતા તેમના પિતાએ હાલના આરોપી વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. પરંતુ આંક–૩૪ થી રજુ થયેલ ફરિયાદ હકીકત જોતાં ફરિયાદ બનાવના દિવસે જ એટલે કે તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષના કેસ મુજબ બનાવના દિવસે ઈજા પામનાર બેભાન હતા.

(૨૨) તપાસ કરનાર અધિકારીએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેમની તપાસમાં એવું ખુલેલુ કે કોઇક અજાણ્યા ઇસમનો ફોન ઈજા પામનારના માતાને આવેલ હતો. પરંતુ આ ઈજાણ્યા ઈસમ કોણ હતા અને કયા નંબરથી ઉપરથી ફોન કરવામાં આવેલો તે અંગે કોઈ તપાસ કરવામાં આવેલ હોય કે તે અજાણ્યા ઇસમની તપાસ કરી તેનું નિવેદન લેવામાં આવેલ હોય તેવું જણાતુ નથી.

(૨૩) આંક–૩૪ થી રજુ થયેલ ફરિયાદ હકીકત મુજબ આરોપીએ ઈજા પામનાર સાથે ગાળાગાળી કરીને એકદમ ગુસ્સે થઇ તેઓના હાથમાંની કુહાડી ઈજા પામનારને માથાના પાછળના ભાગે મારી દીધેલી. પરંતુ આંક–૨૭ થી તપાસવામાં આવેલા ઈજા પામનાર સાહેદ ચેતનકુમારે તેઓના પુરાવામાં આરોપીએ કોઇ ગાળાગાળી કરી હોય કે ગુસ્સે થઈ ગયેલા હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. ઈજા પામનાર સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે આરોપી રજનીકાંતભાઈએ તેમના ઉપર ઉશ્કેરણી ભરેલા શબ્દો બોલેલ નથી અને કોઈ બોલાચાલી થયેલ નથી.

(૨૪) આ કામે પોલીસ તપાસ દરમ્યાન કુહાડી કબજે લીધેલ છે. જે કુહાડીને એફ.એસ.એલ. ખાતે મોકલવામાં આવેલ છે. આંક–૪૦ થી રજુ થયેલ એફ.એસ.એલ.ના રીપોર્ટ મુજબ કુહાડી ઉપરથી લોહીની હાજરી મળી શકેલ ન હતી. વધુમાં ઈજા પામનારનું લેવામાં આવેલ ઋધિરનું જુથ પરિક્ષણ દરમ્યાન 'અનિર્ણિત' રહેલ હોવાનું જણાય છે. જેથી એફ.એસ.એલ.નો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થઈ શકતો નથી.

(૨૫) આ કામે આંક–૩૯ થી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાની નકલ રજુ કરવામાં આવેલ છે. પરંતુ આરોપીએ કુહાડી કે અન્ય કોઈ હથીયાર ધારણ કરેલ હોય અને તેનો ગુન્હાના કામે ઉપયોગ કરેલ હોય તેવું વિશ્વસનીય અને નિ:શંક પુરાવાથી પુરવાર થયેલ નથી. જેથી આરોપીએ હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાનું પુરવાર થતુ નથી.

(૨૬) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તા.૧૫.૧૧.૨૦૧૮ ના રોજ આરોપીના ગેરેજના લાકડાનું પાટીયુ ફરિયાદીના દિકરા ચેતનભાઇએ બાળી નાંખેલ છે તેવી શંકા રાખી આરોપીએ તા.૧૬.૧૧.૨૦૧૮ ના રોજ સવારના આશરે ૯.૩૦ કલાકે ફરિયાદીના દિકરા ચેતનભાઇને બિભત્સ ગાળો બોલી મારી નાંખવાના ઈરાદે માથાના ભાગે કુહાડી વડે ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની કોશીષ કરી ગુન્હો કરેલ હોવાનું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી **મુદ્દા નં. ૧ અને ૨ નો નિર્ણય 'નકારમાં'** આપવામાં આવે છે અને મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

૧. ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીને ઈ.પી.કોડની કલમ-૩૦૭,૫૦૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. અપીલ સમય બાદ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીએ ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ની કલમ-૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/- ના છ માસના સમયગાળા માટેના જામીન આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨જી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૨.૦૪.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨

ના.સર્વોચ્ચ અદાલત સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૩ - મનોજભાઇ જેઠાભાઇ પરમાર (રોહિત) વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા અને મુદ્દામાલની વિગતો નીચે મુજબ છે.

ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા :</u>**

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૮ | ડો.દિક્ષિત ધીરીશભાઇ પટેલ | તબીબી અધિકારી |
| ૨ | ૧૦ | રહીમભાઇ ઇબ્રાહીમભાઇ ગરાસીયા | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ |
| ૩ | ૨૦ | શૈલેષભાઇ ચતુરભાઇ વસાવા | આરોપીની શરીરસ્થિતિ અને કુહાડી કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૪ | ૨૩ | પરેશભાઇ બાબુભાઇ પીઠવા | બનાવવાળી જગ્યાની નજીકના સાહેદ |
| ૫ | ૨૪ | નવીનભાઇ રણછોડભાઇ વસાવા | આરોપીની શરીરસ્થિતિ અને કુહાડી કબજે કર્યાના પંચનામાના પંચ |
| ૬ | ૨૭ | ચેતનકુમાર નવીનકચંદ્ર રાણા | ઇજા પામનાર સાહેદ |
| ૭ | ૨૮ | રજનીકાંતભાઇ હરેશભાઇ તડવી | બનાવ નજરે જોનાર સાહેદ |
| ૮ | ૨૯ | તેજસભાઇ મહેન્દ્રભાઇ ઉમરાણીયા | '' |
| ૯ | ૩૩ | રાજેન્દ્રકુમાર મુળજીભાઇ વસાવા | તપાસ કરનાર અધિકારી |

**<u>દસ્તાવેજી પુરાવા :</u>**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત | કોણે પુરવાર/ સાક્ષ્યાંકિત કર્યો |
|---|---|---|---|
| ૧ | ૦૯ | ઇજા પામનારનું મેડીકો લીગલ સર્ટીફીકેટ | સાહેદ નં. ૧ (આંક–૮) |
| ૨ | ૧૧ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | સાહેદ નં. ૨ (આંક–૧૦) |
| ૩ | ૨૧ | કુહાડી કબજે કર્યાનું પંચનામુ | સાહેદ નં. ૩ (આંક–૨૦) અને સાહેદ નં. ૫ (આંક–૨૪) |

| | | | |
|---|---|---|---|
| ૪ | ૩૪ | ફરિયાદ | સાહેદ નં. ૯ (આંક–૩૩) |
| ૫ | ૩૫ | મરણોન્મુખ નિવેદન લેવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને લખેલ યાદી | '' |
| ૬ | ૩૬ | મરણોન્મુખ નિવેદન લેવા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીને લખેલ યાદી | '' |
| ૭ | ૩૭ | તપાસ સંભાળી લેવા માટે પી.એસ.ઓ.એ લખેલ યાદી | '' |
| ૮ | ૩૮ | મુદ્દામાલ રવાનગી પત્રક | '' |
| ૯ | ૩૯ | હથીયારબંધીના જાહેરનામાની નકલ | '' |
| ૧૦ | ૪૦ | એફ.એસ.એલ.નો પત્ર અને પરીક્ષણ અહેવાલ | '' |

**આરોપી તરફે આ કામે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.**

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અ.નં. | મુદ્દામાલની વિગત | કોણે પુરવાર/ સાક્ષ્યાંકિત કર્યો |
|---|---|---|
| ૧ | લાકડાના હાથામાં ફીટ કરેલ લોખંડની કુહાડી | સાહેદ નં. ૩ (આંક–૨૦) અને સાહેદ નં. ૫ (આંક–૨૪) |

તારીખ : ૦૨.૦૪.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨